# પલાશ

શ્રી ઝવેરચંદ મેઘાણી
## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

વર્ષ : ૧ ૧૫ એપ્રિલ ૨૦૦૩ અંક : ૮

તંત્રી : એન. જે. મકવાણા
સહ તંત્રી : સી. ટી. ટુંડીયા
સંપાદક : ડાયેટ પરિવાર, સુરેન્દ્રનગર
તકનિક : ડી. કે. ગોસાઈ

### સર્જકોને

- શિક્ષકોને પ્રેરણાદાયી, વર્ગ શિક્ષણ કાર્યમાં ઉપયોગી બને તેવા મૌલિક, સરળ ભાષામાં અભ્યાસપૂર્ણ, અનુભવજન્ય, ટૂંકા લેખો આવકાર્ય છે.
- બાળક, શાળા કે શિક્ષણ કેન્દ્રી વાર્તાઓ - બાળ-કાવ્યો, પ્રસંગકથા-ઘટનાઓ, સ્થાનિક પર્યાવરણને અનુરૂપ લેખો આવકાર્ય છે.
- અન્યત્ર પ્રગટ થયેલ કૃતિ ન મોકલવી.
- લેખ પ્રકાશન અંગે પત્ર વ્યવહાર ન કરવો.
- સામયિકમાં પ્રસિધ્ધ થતા વિચાર સાથે તંત્રી સહમત છે તેમ માનવું નહી.

*Knowledge is Power*

પત્ર વ્યવહારનું સરનામું :

પ્રતિ,
તંત્રીશ્રી,(પલાશ)
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળની સામે,
સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧
ફોન / ફેકસ : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦
E-Mail : dietsnr@yahoo.co.in.

સારસ્વત ભાઈ–બહેનો,
નમસ્કાર.

### વેકેશન શા માટે ?

અજવાળાને વિદાય થતું જોવું અને અંધારાને પથરાતું જોવું એ પણ એક અનુભૂતી છે. ઉનાળાની ધગધગતી બપોર અને તેમાં વેકેશન. આપણને પ્રશ્ન થાય છે કે વેકેશન શા માટે?

વસંતના આગમન વખતે જો 'પલાશ' ( ખાખરો – કેસૂડો) જો તેનું પલાશત્વ ગુમાવે તો...! ! ! કુદરતના નીતિ નિયમોમાં પણ ટાઈમ ટેબલ છે. વિદ્યાર્થીઓ (પ્રાથમિક) ના ઉનાળાનો તડકો–બપોર સહન ન કરી શકે તેથી વેકેશન રાખવામાં આવ્યું હશે? ના ... !

જૂન માસમાં નવું સત્ર શરૂ થાય ત્યારે જે ધોરણમાં આપણે અધ્યાપનકાર્ય કરાવવાનું છે તે અભ્યાસક્રમની પૂર્વ તૈયારી કરવા માટે વેકેશન રાખવામાં આવે છે.

બાળકો સામે આપણે જો પૂર્વ તૈયારી કર્યા વગર જઈએ તો શું થાય? આપણને ખુદને પણ ખ્યાલ આવે છે જયારે આપણને બાળકોને ભણાવવામાં મઝા ન આવી હોય.

આપણી અંદર રહેલો માહયલો દુઃખી ન થાય, દરેક બાળકનું બાળકત્વ પુષ્પની જેમ પુષ્પત્વ પામે અને વર્ગખંડમાં માન સરોવરની જેમ જીવંત બની રહે તેની પૂર્વ તૈયારી કરવા માટેનો સમય એટલે – "વેકેશન".

નોંધ : મે–૨૦૦૩નો વેકેશન અંક બંધ રહેશે.

એન. જે. મકવાણા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

# જીવન એટલે શુ ?

**વિષ્ણુભાઈ હ. પટેલ**

જીવન શું છે ? કોઈકે પ્રશ્ન પૂછયો. જીવતા આવડે છે ? ત્યારે સામાવાળાએ જવાબ આપતાં કહયું શ્વાસ લેવો ને મૂકવો એ જીવન. એ તો મોટી વાત નથી. એતો ધમણને પણ આવડે છે.

આપણે પ્રભુને લાંબા જીવનની પ્રાર્થના કરીએ છીએ. પણ લાંબુ જીવન જીવતાં ન આવડે તો એ લાંબુ જીવન શું કામનું ? પ્રાર્થના સારા જીવનની કરવી જોઈએ "WHow to Live"

જીવન જીવવાના ત્રણ પ્રકાર છે.

**નિર્વાહલક્ષી જીવન :–**

આપણે નોકરી ધંધો કરીએ છીએ, નિર્વાહ માટે. પૈસો મળે એ માટે. આપણું જીવન ઘાંચીની ઘાણીની જેમ ઘર થી ઓફીસ અને ઓફીસથી ઘર. " EAT DRINK BE MARY " ખાઓ પીઓ અને મોજ કરો. તેમાં આપણા દરેકની કોમન ઈચ્છા કઈ? પૈસા મારી પાસે જોઈએ એના કરતા વધારે છે.

એક શિક્ષકે વિદ્યાર્થીને પ્રશ્ન પૂછયો. એવી કઈ વસ્તુ છે કે જેનો ઉપયોગ જેના માટે કરવાનો હોય એના માટે થતો નથી ? છેલ્લા વિદ્યાર્થીએ જવાબ આપ્યો. સર, ફૂટપટી. તમે તેનો ઉપયોગ મારવા માટે કરો છો. તે માપવા માટે તથા આંકવા માટે છે. જે છે તેમાં તમારી ઈચ્છા તૃપ્ત કરો તો તમે સૌથી સુખી વ્યકિત છો. જે મળ્યુ તેને ગમાડો. " ગરીબને ત્યાં આમંત્રણની જરૂર નથી ગમે ત્યારે જાઓ. પણ શ્રીમંતને ત્યાં વગર આમંત્રણે જશો નહી."

**નિર્માણલક્ષી જીવન :–**

જીવનમાં પૈસો જોઈએ પણ સાથે સાથે પુણ્ય પણ મળવું જોઈએ. માત્ર સુખી નથી બનવું, પણ સુખી બનવાની સાથે સાથે બીજાને પણ સુખી કરવાની ઈચ્છા હોય, તેને નિર્માણલક્ષી જીવન કહેવાય.

આજનું શિક્ષણ નિર્વાહલક્ષી બને તોજ સાચુ શિક્ષણ.

**નિર્વાણલક્ષી જીવન :–**

માત્ર પરમાત્મા સાથે સીધુ જોડાણ નિર્વાણલક્ષી જીવનનું ધયેય હોય છે. પહેલાના સમયમાં આપણી વિદ્યાપીઠો તક્ષશીલા, નાલંદા એ નિર્વાણલક્ષી શિક્ષણ આપતી હતી. નિર્વાણલક્ષી શિક્ષણનું ધ્યેય હોય તો નિર્વાણલક્ષી શિક્ષણ આપ્યા વિના રહેશે નહી. આજનું શિક્ષણ રમવાની ઉમરે ભણાવે અને ભણવાની ઉમરે રખડાવે છે.

આપણા શિક્ષણનો ઢાંચો બદલવો એ આપણા હાથની વાત નથી. પણ પરિસ્થિતિને સમજી સાચો ન્યાય આપવો એ જ સાચુ શિક્ષણ છે.

ચાલો... સૌ સાથે મળી બદલીએ આપણુ જીવન. ગુજરાતીમાં કહેવત છે કે – "મારવો તો મીર મારવો, ફકીરને મારીને શું કરવું". આપણે સૌએ પણ આપણું જીવન ધ્યેય ઊંચુ રાખીએ પ્રભુ એનુ ફળ અવશય આપશે.

**શિક્ષક, પ્રા. શાળા–મેરા(પાટડી)**

## ગોકુળમાં કોણ હતી રાધા ?

**– ઈશુભાઈ ગઢવી**

દ્વારકામાં કોઈ તને પૂછશે કે કાન !
ગોકુળમાં કોણ હતી રાધા ?
તો શું જવાબ દૈશ, માધા ?...
ઘડીકમાં ગોકુળ, ઘડીકમાં વનરાવન,
ઘડીકમાં મથુરાના મ્હેલ,
ઘડીકમાં રાધા ને ઘડીકમાં ગોપીયુ,
ઘડીકમાં કુબ્જાના ખેલ !
હેત પ્રીતમાં ન હોય રાજ ખટપટના ખેલ, કાન !
સ્નેહમાં તે હોય આવા સાંધા ?
તો શું જવાબ દૈશ માધા ?...
ગોકુલ, વનરાવન, મથુરાને દ્વારકા,
ઈ તો મારા અંગ ઉપર પહેરવાના વાઘા,
રાજીપો હોય તો અંગ પર રાખીએ,
નહીતર રાખું એને આઘા.
સઘળો સંસાર મારો સોળે શણગાર,
મારા અંતરનો આતમ છે રાધા...
કોઈ મને પૂછશો મા, કોણ હતી રાધા...
કોઈ મને પૂછશો મા, કોણ હતી રાધા...

**( સાભાર : સામ્પ્રત, માર્ચ–૨૦૦૩)**

# ગુરુ અને વિદ્યાર્થી

નરેશ બી. પટેલ

સાંદિપની ઋષિના ગુરુકુળમાં વિદ્યાર્થી તો ઘણા હતા, પરંતુ શ્રીકૃષ્ણે મૈત્રી તો સુદામા સાથે જ રાખી. આવા સુદામા સાથેની મૈત્રી જ શ્રીકૃષ્ણની જેમ સફળતા અપાવે. બચપણથી જે સંયમનો આગ્રહ રાખે એના જીવનમાં વિદ્યા ટકે.

વિદ્યાર્થી વિલાસી થાય તો વિદ્યા બળી જાય. આજના વિદ્યાલયો જાણે વિલાસનાં ધામ બની ગયાં છે. વેદાંત ભણાવનાર પ્રોફેસર જો સિગારેટ ફૂંકનાર હોય તો વિદ્યાર્થીના જીવનમાં શા સંસ્કાર ઊતરે ? પ્રોફેસરનું વિલાસી જીવન, અનુકરણની મનોદશાવાળા વિદ્યાર્થીઓના ભાવિ જીવન પર વિપરીત અસર કરે છે.

"વર્તનથી ઉપદેશ આપે તે સાચા ગુરુ...."
વાણી થી આપે તે નહિ. પ્રાચીન સમયે શિષ્યને નિરપેક્ષ ભાવે જ શિક્ષણ અપાતું.

નદી અને વૃક્ષની જેમ ગુરુકુળના ગુરુદેવ કશીય અપેક્ષા વિના જ વિદ્યાદાન આપતા... ને સાથે સાથે, અન્ન વડે પોષણ પણ આપતા. આવા ગુરુદેવ પાસે વિદ્યાદાન મેળવનાર શિષ્ય વિદ્યાભ્યાસ પૂરો થતાં ઘર ભણી પાછો વળતો ત્યારે ગુરુદેવનું ઋણ ચૂકવવાની ભાવનાથી ગુરેવનાં ચરણમાં ગુરુદક્ષિણા મૂકતો.

શ્રીકૃષ્ણે પણ સાંદિપનિ ઋષિના ગુરુકુળમાંથી વિદાય લેતી વખતે ગુરુચરણે વંદન કરીને અતિશય નમ્રતાપૂર્વક ગુરુદક્ષિણા આપવાની ભાવના વ્યકત કરી. ગુરુદેવે તદ્દન નિઃસ્પૃહભાવે કહયું : "મારે બીજું કશું નથી જોઈતું, મેં આપેલી વિદ્યા બીજાને નિઃસ્પૃહભાવે આપતો રહેજે ને એ રીતે વિદ્યાનો વંશ વધારતો રહેજે".

જગતમાં બે વંશ ચાલે છે. : બિંદુવંશ ને નાદવંશ. બિંદુવંશ છે પિતા વડે પુત્રનો અને નાદવંશ છે ગુરુ વડે શિષ્ય પરંપરાનો. વિદ્યાના દાન વડે નાદવંશ વધારવાની ગુરુદક્ષિણા શ્રીકૃષ્ણે બરાબર આપી હતી.

અર્જુન યુધ્ધ સમયે વિષાદગ્રસ્ત બની કર્તવ્ય ચૂકી જવા તત્પર બન્યો ત્યારે શ્રીકૃષ્ણે ગીતોપદેશ કરી બુધ્ધિયોગ આપ્યો અને કર્તવ્યનિષ્ઠ બનાવ્યો. નૂતન જીવનદષ્ટિ મેળવનાર અર્જુને ઉમંગથી કહયું...

**"કરિષ્યે વચનમ્ તવં"**

આ અસર એટલા માટે થઈ કે શ્રીકૃષ્ણે શિષ્ય પાસેથી કશુંય મેળવવાની અપેક્ષા વિના જ એના ઘોડાઓની સેવા કરતા રહીને વિદ્યાનું દાન કર્યુ હતું. આવા ઊંચા આદર્શને જ, જગત આજે એમને જગતગુરુ કહીને વંદે છે.

અંગૂઠામાં બાણ વાગ્યું હતું. પ્રયાણનો સમય આવી ગયો હતો. સઘળાં સ્વજનોનો વિનાશ થઈ ગયો હતો. એવા વિષાદ અને વેદનાના સમયે પણ શ્રીકૃષ્ણે ગુરુદેવનો નાદવંશ વધારવાની ભાવનાથી ઉદ્ધવને ઉપદેશ દીધો હતો.

સાંદીપની જેવા ગુરુ હોય અને શ્રીકૃષ્ણ જેવા શિષ્ય હોય તો વિદ્યાનો વંશ વધે જ વધે.

(સાભાર : સ્પંદન)

- શિક્ષકને માટે શિક્ષણ એક આપ્ત કર્મ છે, જીવન કાર્ય છે.
- શિક્ષકનું કામ ભણાવવા કરતાં પ્રેરવાનું વિશેષ છે.
- જેની જ્ઞાનેષણાની સરવાણી સુકાઈ ગઈ છે તે શિક્ષક નથી.

— પ્ર. ત્રિવેદી

- શિક્ષક પોતે શીખતો ન રહે તો એ કદી શીખવી ન શકે.

— રવીન્દ્રનાથ ટાગોર

# મહામાનવ.ડો.બાબાસાહેબ આંબેડકર

M.A., Ph.D., D.Sc., L.L.D., D.Litt., Bar-at-Law.

સંકલન : વિનોદચંદ્ર એમ.સોલંકી

ડો.ભીમરાવ આંબેડકરનો જન્મ ૧૪મી એપ્રિલ ૧૮૯૧ ના રોજ મધ્યપ્રદેશમાં આવેલ મહુની લશ્કરી છાવણીમાં થયેલ હતો. તેમના પિતાજી રામજીમાલજી શકપાલ લશ્કરની સેવામાં સુબેદાર હતા.તેમના માતા શ્રીમતી ભીમાબાઈના તેઓ ચૌદમું સંતાન હતા.

માતૃ-પિતૃ એમ બંને પક્ષે તેમને કબીર પંથના ધાર્મિક સંસ્કાર વારસામાં મળ્યાં હતાં. તેમના જીવનની કટોકટીની પળોમાં પણ તેમનાં આત્મવિશ્વાસ અને વિવેક બુધ્ધિને અચળ રાખનાર આ મહત્વનું પરિબળ હતું.

મહારાષ્ટ્રની પ્રથા મુજબ તેમના પિતાના ગામ આંબાવડે ઉપરથી તેમની અટક આંબેડકર રાખેલ હતી.પરંતુ તેમના પ્રત્યે અપાર મમતા રાખનાર તેમના પ્રાથમિક શિક્ષણના એક ગુરૂની અટક આંબેડકર ઉપરથી તેમણે પ્રેમવશ આ સરળ અટક આંબેડકર સ્વીકારેલ. જે આજે એક પ્રખર પ્રેરણાસ્ત્રોત બન્યું છે. તેમના નામમા તેમની માતા ભીમાબાઈ પિતા રામજીભાઈ અને શિક્ષક-ગુરૂ આંબેડકર એ ત્રણેયનો સુગમ સમન્વય થયો છે.

સને. ૧૯૦૭ માં ભીમરાવ સારી રીતે મેટ્રીકમાં ઉતિર્ણ થયા અને પછી મરાઠીના જાણીતા સાહીત્યકાર દાદા કેલસુકરે તેમને ઉચ્ચશિક્ષણ માટે પ્રેર્યા. આ સમય દરમ્યાન ૧૭ વર્ષના ભીમરાવના લગ્ન ૯ વર્ષની બાલીકા રમાબાઈ સાથે ...ઈમાં થયા. રમાબાઈ આદર્શ પતિભક્ત પત્નિ હતાં. બાબાસાહેબના જીવનમાં તેમનો મોટો ત્યાગ હતો, પ્રદાન હતું.

શ્રી કેલસુકરે વડોદરાનાં મહારાજા સર. સયાજીરાવ ગાયકવાડ પાસેથી માસિક રૂા. ૨૫ ની શિષ્યવૃતિ મંજૂર કરાવી અને કોલેજ ચાલુ કરી.૧૯૧૨ માં બી.એ.ની પરીક્ષા ઉતિર્ણ કરી. વડોદરા મહારાજાની આર્થિક મદદથી અમેરીકામાં ઉચ્ચ અભ્યાસ માટે જવાની તેમને તક મળી. અમેરિકામાં તેઓએ પોતાના સંશોધન દ્વારા M.A.ની ડીગ્રી મેળવી. તેમના બીજા અભ્યાસભર્યા શોધ નિબંધ પર કોલંબિયા યુનિવર્સિટીએ તેમને Ph.D. ની ઉપાધિ આપી. એક અછૂત કુટુંબનો દલિત યુંવાન આ રીતે "ડૉક્ટર આંબેડકર" બન્યો.

૧૯૨૦માં તેમણે "મુક નાયક" નામે સામયિક શરૂ કર્યુ. ૧૯૨૧માં તેમને તેમના અભ્યાસ મહા નિબંધ માટે M.Sc. તથા D.Sc. ની ડિગ્રી પ્રાપ્ત કરી. ૧૯૨૨ માં તેમણેBar-at-Lawની પરીક્ષા આપી જર્મની પણ જઈ આવ્યાં.

દલિત સમાજને માણસાઈનો દરજ્જો પ્રાપ્ત થાય, તેમનામાં આત્મગૌરવની ભાવના જાગે અને સ્વ પુરુષાર્થ સમર્થ બનીને રાષ્ટ્રકલ્યાણમાં યોગદાન આપવા સશકત બને એ આંબેડકરનાં જીવનનો ઉદેશ હતો. આ ઉદેશને બર લાવવા માટે એમણે આર્થિક, સામાજીક, રાજનૈતિક, શૈક્ષણિક અને કાનૂની લડાઈઓ લડી હતી. તેમાં જવલંત સફળતા પ્રાપ્ત કરી હતી.

આંબેડકરના કુટુંબવત્સલ સદગૃહસ્થ હતાં.તે હંમેશા એકાંકી રહયાં છે. અમની વ્યસ્તતાને કારણે એમણે કુટુંબ પ્રત્યેની જવાબદારી જે પ્રકારે નિભાવવી જોઈએ તે પ્રકારે નિભાવી શકયા નહી. એકવાર દાદાસાહેબ ગાયકવાડે તેમને કહેલું કે તારે યશવંતના ભવિષ્યનો વિચાર કરવો જોઈએ. ત્યારે આંબેડકરે કહેલું કે - "યશવંત એકલો જ મારો પૂત્ર નથી. મારે દસ કરોડ દલિત પૂત્રોના પિતા તરીકે કાર્ય કરવાનું છે".

આંબેડકરને મળવું એટલે જાણે કે જીવતીજાગતી લાયબ્રેરી ને મળવા બરાબર હતું . એમના વિચારો અને વકતવ્ય મનોવેધક અને જ્ઞાનચક્ષુ ખોલી નાંખનારા હતાં.

આંબેડકર જીવનભર વિદ્યાર્થી રહયાં. તેમના જીવનનું ધ્યેય માત્ર જ્ઞાન પ્રાપ્તિનું હતું. એમને અનેક ગ્રંથો લખવા હતાં પણ જાહેર જીવનની વ્યસ્તતા અને જવાબદારીએ એમનું એ કાર્ય પૂર્ણ થઈ શક્યું નહી. છતાં એમણે જેટલું લખ્યું છે તે સઘળું વિચારોતેજક અને માર્ગદર્શક બની રહયું છે.

આધુનિક યુગના પ્રભાવી નેતાઓમાં તેમનું સ્થાન અદ્રિતીય હતું.મહાન સમાજ સુધારક, બંધારણનાં પિતા, દલિતોનાં મુકિતદાતા, લેખક, પત્રકાર, અધ્યાપક, રાજનેતા તરીકે વિવિધ ક્ષેત્રે એમણેં અનેરૂ યોગદાન આપ્યું છે.તેથી તમેણે "મહામાનવ" તરીકે ઓળખવામાં આવે છે.

૧૯૯૦ માં ભારત સરકાર દ્વારા સર્વોચ્ચ પદવી "ભારતરત્ન"થી તેમને નવાજયા છે.

ભારતના બંધારણના ઘડવૈયા અને ભારતના નિલકંઠ બાબા સાહેબ આંબેડકર ૬ઠી ડિસેમ્બર ૧૯૫૬ના દિવસે નિર્વાણ પામ્યાં.

જય ભીમ

ઉપશિક્ષક,પ્રા.શાળા-દેવપરા-થાન(ચોટીલા)

## ચાલો, પ્રયોગ પ્રયોગ કરીએ.

લિયાકતહુસેન બી. ધારાણી

જિલ્લાની શાળાઓ એવી છે કે જયાં નથી વિજ્ઞાન પેટી કે નથી પ્રયોગ કરવા માટેના કોઈ સાધન! વિજ્ઞાનના પ્રયોગ સાધનોના અભાવે થતાં નથી. કામ કરવાની નિષ્ઠા છે પણ સાધનો નથી. આપણી આજુ બાજુના પર્યાવરણ માંથી વિના મૂલ્યે સહેલાઈથી મળી શકતા સાધનોથી પણ પાઠયપુસ્તકમાંના પ્રયોગ ન થઈ શકે?

પરંતુ પ્રયોગ કરતાં પહેલાં રખે એવી સૂચના ન આપતા કે "ચાલો આપણે પ્રયોગ કરવાનો છે. ધ્યાન રાખો નહિંતર કંઈ જ ખબર નહિં પડે".. માત્ર એટલું જ કહેજો, "ચાલો પ્રયોગ પ્રયોગ રમીએ" .. પછી જો જો એનો જાદુ ...!


આપણે એવા પ્રયોગ વિશે વાત કરીશું કે જે પ્રયોગો પાઠયપુસ્તકના સાધનોથી કરવા અઘરા છે. પરિણામ પણ મોડુ મળે અને પરિણામ મળતાં પહેલાં ચંબૂ ધડાકા સાથે ફૂટે પણ ખરો! જયારે અહીં તો પરિણામ માત્ર થોડી સેકન્ડોમાં અને નુકશાન બિલકુલ નહી! છે ને મજાની વાત?

હેતુ — ઉષ્મા આપવાથી પ્રવાહીના કદમાં વધારો થાય છે.

સાધનો — ઈન્જેકશનની શીશી, ખાલી રીફીલ, મીણબતી.

પદાર્થો — રંગીન પાણી

રીત — ઈન્જેકશનની ખાલી શીશીના બુચમાં કાણું પાડી ખાલી રીફીલનો ટુકડો પસાર કરો, હવે શીશીમાં રંગીન પાણી (પ્રવાહી ગળી કે શાહી ચાલે) ભરો. નળીમાં પ્રવાહીનું સ્થાન સ્કેચ પેનથી નિશાન કરી દર્શાવો.




હવે સળગતી મીણબતી થી શીશીને ઉષ્મા આપો. માત્ર થોડી જ સેકન્ડમાં નળીમાં પાણી ઊંચે ચડશે. અને નળીમાંથી બહાર નિકળશે.

નિર્ણય — ઉષ્માથી પ્રવાહીના કદંમાં વધારો થાય છે..

શિક્ષક, કુ.શાળા નં.૭—વઢવાણ.

## જળપરીનું ઝાંઝર તૂટયું

—મનોહર ત્રિવેદી

જળપરીનું ઝાંઝર તૂટયું : આલ્લે લે આલ્લે લે !
જંગલમાંથી ઝરણું છૂટયું : આલ્લે લે આલ્લે લે !

પાંખ ઝબોળી પંખી સરતાં
ઝાડ ઉપરથી ફૂલો ઝરતાં

ડુંગર પરથી ગીત વછૂટયું : આલ્લે લે આલ્લે લે !
જળપરીનું ઝાંઝર તૂટયું : આલ્લે લે આલ્લે લે !

જળે ભરી વાદળીઓ ઝૂકી
હવાઓએ વાંસળીઓ ફૂંકી

કયાંથી આવું અચરજ ફૂટયું : આલ્લે લે આલ્લે લે !
જળપરીનું ઝાંઝર તૂટયું : આલ્લે લે આલ્લે લે !

તરણાંને ના હોય હલેસાં
હુંય તરું રે એમ હંમેશા

ભીનું ભીનું શમણું લૂંટયું : આલ્લે લે આલ્લે લે !
જંગલમાંથી ઝરણું છૂટયું : આલ્લે લે આલ્લે લે !

આલ્લે લે ! આલ્લે લે ! આલ્લે લે !

નિ.શિક્ષક, ઢસા જંકશન—ભાવનગર.

સાભાર : આલ્લે લે ! (બાળ કાવ્ય સંગ્રહ)

આપણે શાંતિ સ્થાપવા માટે અનેક પ્રયત્નો કરીએ છીએ, આંદોલનો ચલાવીએ છીએ. છતાંય શાંતિ સ્થપાતી નથી, કારણ કે બાળપણમાં માણસના ચિત્તમાં સમભાવના, સંવેદના પ્રગટ થવાની તક મળી નથી. ક્રમિકતાનો અનુભવ નથી મળ્યો. ચિત્તમાં પરભાવના ઊછરતી રહી છે. પછી મોટી ઉંમરે ઘણી મથામણો કરો પણ સમય ચૂકાઈ ગયો હોય છે.

— મનુભાઈ પંચોલી ' દર્શક '

# શ્રી લાલજી મહારાજની જગ્યા

(ભગતનું ગામ – સાયલા)

– સી. ટી. ટુંડીયા

શ્રીલાલ ગુરુ વિજયતે ।

શ્રીમતે રામાનન્દાય નમ :

ઝાલાવડની મલકતી ધરાની કણકણમાં મણ – મણની માહોરી વાતુ પડી છે. સંતો–સતી–જતી –દયાળુ –દાતાર અને ભજનાનંદી ભકતોના રણુકાથી રણકતો મલક મલક એટલે ઝાલાવાડ પ્રદેશ. ઝાલાવાડના મલકમાં એક એક નદિયુના કિનારે તેમજ ડુંગરાની ધારે સતી, જતી અને શીવના બેસણાં છે.

સૌરાષ્ટ્રના પવિત્ર તીર્થ સ્થાનો (ચોટીલા, વિરપુર, જૂનાગઢ, સોમનાથ, પરબવાવ, દ્વારકા વિ.)નું પ્રવેશદ્વાર એટલે ભગતનું ગામ(સાયલા). સુરેન્દ્રનગર જિલ્લાનો આ તાલુકો સુરેન્દ્રનગરથી ૩૦ કિ.મી.ના અંતરે નેશનલ હાઈવે 8-A પર આવેલો છે. અનેક સંત–મુની–જતી–સતી શ્રી નાનચંદ્રજી મહારાજ, શ્રી મેઘમુની મહારાજ, શ્રી લાડકચંદભાઈ વોરા, શ્રી કુમારપાળ દેસાઈ જેવી વિભૂતિઓને જન્મ આપ્યો છે આ મોઘેરી ધરતીએ. સાયલાને પોતાની કર્મભૂમિ બનાવીને **શ્રી લાલજી મહારાજ (ભગત)** દેવપુરુષ થઈ ગયાં. આ મલકના સૌ માનવીઓ આ ગામ(સાયલા)ને **'ભગતના ગામ'**થી ઓળખે છે.

સંત શિરોમણી પૂ.શ્રી લાલજી મહારાજનો જન્મ વાંકાનેર (રાજકોટ) પાસે સિંધાવદર ગામમાં, દશા શ્રીમાળી વણિક કુટુંબમાં વિક્રમ સંવત ૧૮૫૬ ના ચૈત્ર સુદી ૯ ને સોમવારના મંગલ પ્રભાતે ધર્મપરાયણ ભગવદીય શ્રી બળવંતભાઈ શાહ તથા વિરુબાઈને ત્યાં થયો હતો.

પૂ.શ્રી લાલજી મહારાજે શ્રી સંપ્રદાય 'બાવનદ્વારાન્ગર્ત' શ્રી કુંબાજી મહારાજના પરંપરાના વાંકાનેરના શ્રી રઘુનાથજી મંદિરના મહંતશ્રી સેવાદાસજી મહારાજ પાસેથી 'શ્રી વૈષ્ણવીદીક્ષા' ગ્રહણ કરી શ્રી લક્ષ્મીદાસજી એવું નામ ધારણ કર્યુ. તેમના જન્મનું મૂળ નામ 'લાલજી' હોવાથી શ્રી લાલજી મહારાજ એજ નામથી પ્રસિધ્ધ થયાં.

'શ્રી લાલજી મહારાજની જગ્યા' એ નામથી ઓળખાતા બધાય મંદિરો શ્રી રામાનંદ સંપ્રદાયના ગણવામાં આવે છે. પૂ.શ્રી લાલજી મહારાજની ગુરુ પરંપરા –

સીતાનાથ સમારમ્ભામ્ રામાનંદાય મધ્યમામ્
અસ્મદાચાર્ય ર્યન્તા વન્દે ગુરુપરમ્પરામ્

શ્રી કુંબાજી મહારાજ યતિરાજ સાર્વભૌમ જગદ્‌ગુરુ શ્રી સ્વામી શ્રીરામાનંદાચાર્યજી મહારાજના શ્રી લાલજી મહારાજ પરમકૃપા પાત્ર શિષ્ય હતાં.

ઉદાર ચરિતનામ્ તુ વસુધૈવ કુટુંબકમ્ ।' ના મહાનિયમ પ્રમાણે પોતે ધર્મપ્રચાર માટે વિચરતા હતાં. સાયલાના ઠાકોર સાહેબશ્રી (પહેલાં)ના ભાવભીના આમંત્રણથી સાયલા પધાર્યા. ઠાકોર સાહેબ તથા પ્રજાજનોના આગ્રહથી વિક્રમ સંવત ૧૮૮૯ ની સાલમાં 'શ્રી લાલજી મહારાજની જગ્યા' નામની મહાન ધાર્મિક જગ્યાની સ્થાપના કરી.

'જયાં ટુકડો ત્યાં હરી ઢુકડો' અને 'લેનેકો હરી નામ, દેનેકો અન્નદાન'ના સંત વચને 'શિરા–પુરી'નું સદાવ્રત ચાલુ કર્યુ. આ જગ્યાનું સદાવ્રત **'પ્રભુનામ સંકીર્તન'** તથા **'કરતાલ'** રૂપી સાધનથી આજે પણ એ ગુરુ પરંપરા પ્રમાણે ચાલી રહયું છે. સાયલા શ્રી લાલજી મહારાજની જગ્યાની મંડળીઓ દર વર્ષે દેશ–દેશાવરમાં ધર્મ પ્રચાર માટે ફરે છે. આ જગ્યાને કોઈ ખાસ ગામ ગિરાસ કે અમૂક જ્ઞાતિ ઉપર હક્ક લાગો વિગેરે કાયમી આવકનું સાધન નથી.

પૂ.શ્રી લાલજી મહારાજ (ભગત) દ્વારા ચમત્કારીક બનાવો બનવા પામેલ તેવાં ગામોના નામ જોઈએ તો – સિંધાવદર, વાંકાનેર, ઘાંટીલા, સિધ્ધસર, હળવદ, જોટાણા, ધંધુકા, વડતાલ, મગુના (ચૂંવાળ પ્રદેશ), રાધનપુર, કચ્છ–ભૂજ, ભાયલી, કોસીદ્વા, રાસનોલ, જતાપુર અને લોર ગામ તથા તેના પ્રજાજનો પૂ.ભગતના આશીર્વાદથી ધન્ય થયેલ છે.

'શાંતાકારમ્ ભુજગશયમ્ પદમનાભમ્ સુરેશં' –શ્લોકોની સ્તુતિનું ધ્યાન ધરીને નિંદ્રાધીન શ્રી

લાલગુરુ(ભગત) ને સ્વયં શ્રી શેષનારાયણ ભગવાને જગાડીને આજ્ઞા કરી કે – 'હે વત્સ ! મારી જેવા પ્રકારની મૂર્તિની તું ઝંખના કરે છે તેવી મૂર્તિ તો સાગરના સામે પાર દીવબંદરના એક પ્રાચીન મંદિરમાં છે તો ત્યાં આવી મને લઈ જા. હું તારી ભકિતથી પ્રસન્ન છું'

મહારાજશ્રી તથા તેમની મંડળી મૂર્તિ લેવાં માટે દીવબંદર પધાર્યા. દીવબંદરના ગ્રામજનોએ મૂર્તિ લઈ જવા માટે વિરોધ કર્યો. દીવબંદરના રેસિડેન્ટ તેમજ ગ્રામજનોએ ઠરાવ કર્યો કે ઘોડા કે બળદ વગર રથ જેની તરફ વળે તેને મૂર્તિ આપવી. જે રીતે બોડાણા ભકત માટે શ્રી રણછોડરાયજી દ્વારકાથી ડાકોર પધાર્યા હતાં તેવી જ રીતે ભકત આધીન શ્રી શેષનારાયણ ભગવાન શ્રી લાલગુરુ(ભગત) કાજે સ્વયંમ દીવબંદરથી સાયલા પધાર્યા.

પૂજ્ય આચાર્ય શ્રી લાલજી મહારાજે વિક્રમ સંવત ૧૯૧૪ માં શ્રી રામ–લખમણ–જાનકી તથા દીવબંદરથી સ્વયં પધારેલા શ્રી શેખનારાયણ ભગવાન તેમજ પંચદેવની મૂર્તિ–પ્રતિષ્ઠા કરેલ હતી. આ સમયે 'વિષ્ણુયાગ' નામનો મહાયજ્ઞ પણ કરવામાં આવ્યો હતો. ગુરુવર્ય શ્રી લાલજી મહારાજે સ્થાપેલો ધર્મધ્વજ લોકોને ધર્મ પ્રેરણા આપતો નિરંતર ફરકી રહયો છે.

**'હે લાલ ડંકા વાગ્યા તમારા દેશમાં'**

પૂ. લાલજી મહારાજ ધર્મોપદેશ દ્વારા જ્ઞાનની ગંગા વહેવરાવી લગભગ ૩૬૦ જેટલા અન્નક્ષેત્રયુકત મંદિરોની સ્થાપના કરી જગતમાં ધર્મનો ડંકો વગાડી વિક્રમ સંવત ૧૯૧૮ ના કારતક સુદ ૧૦ ને બુધવારના રોજ સાકેત ધર્મવાસી થયાં હતાં.

શ્રી લાલજી મહારાજની જગ્યામાં ઉજવાતા સમૈયાઓમાં અન્નકુટ(બેસતુ વર્ષ), દેવદિવાળી, શ્રી રામાનંદ જયંતિ (પોષ વદ – ૯), વસંત પંચમી, શીવરાત્રી, ધૂળેટી, રામનવમી (શ્રી લાલ જયંતિ,ચૈત્ર સુદ ૯), ગુરુ પૂર્ણિમા, ઝુલા–હિંડોળો, શ્રી લાલ પંચમી (શ્રાવણ સુદ–૫), જન્માષ્ટમી, ભગવત સપ્તાહ (ભાદરવા સુદ ૨ થી ૯), ઝીલણી અગીયારસ (ભાદરવા સુદ ૧૧), શરદ પૂર્ણિમા તમેજ દિવાળી જેવા પ્રસંગ ધાર્મિક ભાવનાથી ધામધૂમથી નિજમંદિરની જગ્યામાં ઉજવવામાંઆવે છે.

આ જગ્યાના પૂર્વાચાર્ય તરીકે શ્રી ભીમદાસજી મહારાજ, શ્રી ગોપાલદાસજી મહારાજ, શ્રી ભગવાનદાસજી મહારાજ, શ્રી મોતીરામદાસજી મહારાજ, શ્રી કૃષ્ણદાસજી મહારાજ, અને શ્રી મયારામદાસજી મહારાજ ' વૈષ્ણવ માર્તન્ડ' સેવા–સતસંગ અને સમાજસેવા કરીને લાલગુરુની ગાદી પરંપરાને ઉજ્વળ કરેલ છે.

વિદ્યમાન આચાર્ય શ્રી તુલસીદાસજી મહારાજ 'સાહિત્ય રત્ન' . પરોપકારી સંત અને શિક્ષણવિદ્દ દ્વારા આ જગ્યાના નિજ મંદિરનો જિર્ણોધ્ધાર કરવામાં આવેલ છે. લઘુ મહંતશ્રી દુર્ગાદાસજી મહારાજ (M.A. સંસ્કૃત) યુવાનવયે ધર્મ સાથે શિક્ષણનો પ્રસાર તથા સામાજિક પ્રવૃત્તિઓ કરી રહયાં છે.

શ્રી લાલજી મહારાજની જગ્યામાં એક જ પંગતે અઢારેય વર્ણ પ્રસાદી મેળવે છે. સનાતન ધર્મનો જય જયકાર કરે છે. સર્વધર્મ સમભાવનો સંદેશો ફેલાય છે. સવાર–સાંજ હરી હરની હાંકલ થાય છે. પૂજા–આરતી અને મંદિરમાં સત્યના નામનો ઘંટારવ થઈ રહયો છે. હૈયે હૈયું હરખાય છે. હેલે ચડે છે.

ચાલો... આપણે આપણા જ જિલ્લા (સુરેન્દ્રનગર)ની અંદર આવેલ તીર્થધામરૂપી પવિત્ર શ્રી લાલજી મહારાજની જગ્યાના દર્શન કરીએ, જીવન ધન્ય બનાવીએ. પૂ.શ્રી લાલજી મહારાજ (ભગત) ને વંદીએ...પ્રાર્થીએ.

**ધોળી ધજા ફરકે ગુરુલાલ તમારા મંદિરની,**
**મારું હૈયું બહુ હરખે, ગુરુલાલ તમારા મંદિર...**

– લેકચરર, ડાયેટ–સુરેન્દ્રનગર
(સંદર્ભ:ટૂંક પરિચય–શ્રી તુલસીદાસજી મહારાજ)

ગણિત ગમ્મત
૧૫ માર્ચ ૨૦૦૩ ના અંકનો જવાબ

$$(8-4)\times(2+1)-6=6$$
$$(9\div3)\times(7-5)=6$$

## સાચો–ખોટો દાખલો

### "અમારા સાહેબ ક્યારેય ખોટો દાખલો ગણાવે નહીં"

–નવઘણ કે. સાંબડ

કવિશ્રી ઉદયન ઠક્કરની ગુલાબની પાંદડીઓ જેવી બે પંકિતઓ સાચે જ હૃદયંગમ છે.

"કઈ તરકીબથી પથ્થરની જેલ તોડી છે?
શું તૃણ પાસે કોઈ કુમળી હથોડી છે?"

સખત શીલાને તોડી ફૂટી નીકળતા તૃણ જેવું જ બાળકનું છે. આજના વર્ગખંડોની અનેક જટીલતા વચ્ચે પણ એ ખીલતું રહે છે. વિકસતું રહે છે. નવા– નવા અંકુરો તેના દિમાગમાં ફૂટયા કરે છે. "જેટલી કાળજી એર–હોસ્ટેસની પસંદગીમાં લેવામાં આવે છે, એટલી જ જો શિક્ષકની પસંદગીમાં લેવામાં આવતી હોત તો...?" કોઈ ફિલોસોફરનું વાકય ઘણું કહી જાય છે, પણ બદલાતા યુગની સાથે શિક્ષક હવે 'માસ્તર' મટી 'માસ્ટર' બન્યો છે. બદલાતા યુગ અને નવી પેઢીની માંગને પહોંચી વળવા આવશ્યક પણ છે જ. 'ગુરૂ'નું સંબોધન શિક્ષકમાં અને શિક્ષક'નું 'સર'માં પલટાવા છતાંય આ સમાજની ગરિમાં તો ટકી જ રહી છે, એ નિસંદેહ વાત છે. બીજા પ્રોફેશન કરતાં આનું ગૌરવ સચવાયું છે. એ અનુભવ સાચે જ અકથ્ય આનંદાનુભૂતિ કરાવી જાય છે. એક પ્રકારની ટાઢક થાય કે ભારતનો 'ઋષિ' (શિ.) હજુ જીવંત છે.

"જેઓ મોસમના પહેલા વરસાદની
પ્રતિક્ષા નથી કરતા,
જેઓ સૂર્ય તરફ
પીઠ ફેરવીને બેઠેલા રહે છે,
જેઓ કોયલના ટહુકા સંભળાતા હોય
ત્યારે પણ કામમાં રોકાયેલા રહે છે
અને
જેઓ કોઈ સુંદર કાવ્યપંકિત વાંચ્યા
પછી પણ
કોરા ને કોરા રહી જવા જેટલા
ચાલાક છે
તેઓ પણ ખૂબ લાંબું જીવવાનો
અભરખો શા માટે રાખતા હશે...?"

–ગુણવંત શાહ

આવો (કવિએ સુચવ્યા મુજબનો) નીરસ, શુષ્ક ને 'ચાલાક' દુનિયાનો કોઈ પણ માણસ કદાચ હોઈ શકે, સિવાય કે શિક્ષક.... તે બાળકના દિમાગની જેમ સતત ખીલતો–વિકસતો રહે છે. તેના ચહેરા પર એક પ્રકારની તાજગી ને નાવીન્ય જોવા મળે ... ભાગ્યે જ શિક્ષક 'ભારેખમ' દેખાય.

તળાજાના દરિયાકાંઠે એ નવી સવી નોકરી ... એ વખતના ઉમંગ ઉલ્લાસ ને ઉતસાહ... દરિયાને ડુંગરો વચ્ચે ધબકતી પળે પળ, જેટલું રહયા તેટલું પણ સાચા અર્થનું જીવન હતું.

ખરું કહું તો શરૂ–શરૂમાં એ નાનકડા ગંધાતા ગામડાની નિશાળના વર્ગમાં ઘુટન થઈ આવતી, વતનમાં પ્રાઈવેટ શાળામાં નોકરી કરેલી એટલે ત્યાંના અને અહીંના વાતાવરણની કમ્પેરીઝન કરતાં ત્રાસ થઈ આવતો. નિશાળ અને રહેઠાણ પર મુસીબતો–અસુવિધાઓનો પાર નહી, રાજીનામું આપી વતનમાં નાસી આવવાનું મન થતું. પણ એક અજીબ શકિતએ મને રોકી રાખ્યો... અચાનક જ મારા પલાયન થવાના ઈરાદા ખુદ પલાયન થઈ ગયા. શાળાનાં ટાબરિયાંઓની અનોખી માયાએ મને બાંધી રાખ્યો. અનોખી લાગણીનો સેતુ અમારાં વચ્ચે બંધાઈ ગયો, ને હું એ દરિયાકાંઠે જાણે નવજીવન પામ્યો. મારા પથ્થર જેવા મજબુત ઈરાદાઓને તોડી બાળકોની માયાના અંકુરો ફૂટી નીકળ્યા. અનેરા ઉત્સાહ ને ઉલ્લાસભર્યા એ દિવસોના એક પ્રસંગ તો કદાચ નિવૃત્ત થયા પછીયે નજર સામે તરવર્યા કરશે.

એ દિવસે શાળાનું ઈન્સ્પેકશન હતું. નાનકડી સાદી શાળા અમારાં ઉત્સાહી આચાર્યને સ્ટાફનાં પ્રયત્નોથી અરીસા જેવી બની હતી. શાળામાં પ્રવેશનારનું સ્વાગત વિશાળ પટાંગણમાં ડોલતા ફૂલછોડોના પુષ્પોની મઘમઘતી ફોરમ કરતી. નિરીક્ષક સાહેબ શાળાના વાતાવરણ ને શિસ્તથી જ પ્રભાવિત થઈ ગયા. વહીવટી ચકાસણી બાદ અમારા આગ્રહને વશ થઈ વર્ગશિક્ષણની ચકાસણી અર્થે ગયા. ધોરણ પાંચના

મારા વર્ગમાં સાહેબે થોડા સવાલો પૂછયા, એકંદરે સંતોષકારક જવાબો મળ્યા. છેલ્લે ગણિત વિષયની પાકકી નોટબુક માંગી, બે–ચાર વિધાર્થીઓની નોટબુકો 'નમૂના' પૂરતી ચેક કરતાં સાહેબનું ધ્યાન એક ખોટા દાખલા પર ગયું. બધી જ નોટમાં એ દાખલો ખોટો ગણાયો હતો. એક માત્ર પદ ફરવાને લીધે આ ગોટાળો થયો હતો. સાહેબે બાળકોનું ધ્યાન દોર્યુ, ને સાચો દાખલો ફરી પાટીયા પર ગણાવ્યો. પછી એ દાખલા સુધારી લેવા તમામને સૂચના આપી. પણ થોડી મિનિટો વિતવા છતાં સૂચનાની કોઈ અસર દેખાઈ નહી. બાળકો સ્થિર બેઠા હતાં. સાહેબે આ વખતે સ્હેજ સખત સ્વરે ભૂલ સુધારી લેવા કહયું.

ત્યારે પહેલી પંકિતમાં બેઠેલો એક ટાબરીયો ઊભો થઈ બોલ્યો– "સા'બ અમે નહી સુધારીએ, અમારા સાહેબ કયારેય ખોટો દાખલો ગણાવે નહી." નિરીક્ષક સાહેબે તેના કથન પર હસીને જવાબ વાળ્યો– "બરાબર છે, પણ સાહેબની ભૂલ થઈ હશે...ભૂલથી...". "નહી... અમારા સા'બની ભૂલ થાય જ નહી". બે–ચાર જણા એકસામટા બોલી ઊઠયા.

એ ઘોંઘાટ શાંત કરાવી નિરીક્ષક સાહેબે બાળકોની સાથે બાળકનો મુડ જાહેર કરતાં કહયું, "હું તમારા સાહેબ કરતાંય વધારે ભણ્યો છું, ને તમારા સાહેબનોય સાહેબ છુ...".

"ભલે, તમે અમારા સાહેબના સાહેબ હશો,પણ અમારા 'સાહેબ' તો નથી જ ને. અમારા સાહેબની ભૂલ થાય જ નહી.." બાળકોએ જીદ પકડી રાખી.

થાકીને સાહેબે બાળકોને થોડીવાર એમની જીદ પર લટકતાં મૂકીને મારી પાસે આવ્યાં. "કહેવું પડે હો ભાઈ, તમારાં બાળકોનો અને તમારો જવાબ નથી..." કહી હસતા–હસતા આખી હકીકત વર્ણવી.

હું પોતે વર્ગમાં ગયો, ને ભૂલ સુધરાવી ત્યારે બાળકો માન્યાં. પ્રશ્ન એ છે કે આ બળ બાળકોમાં કયાંથી આવ્યું ? શિક્ષક માટે આટલી દઢ શ્રધ્ધાનું કુદરતી આરોપણ નહી તો બીજું શું ? દરેક બાળક શ્રધ્ધાની પરાકાષ્ઠાએ શિક્ષકને ચાહતો હોય છે. "મારા સાહેબ કહે તે જ સાચું... બાકી બધું ખોટું." શિક્ષકનું વાકય એટલે બ્રહ્મ વાકય. કેટલો વિશ્વાસ ? કઈ શ્રધ્ધાનું પરિણામ. ખરા અર્થમાં બાળકોની આ કુદરતી અંતઃપ્રેરણા છે.

શિક્ષક સમાજની એ ગરીમા નાના બટુકો પર ટકી રહી છે. એ જ કેટલી આનંદદાયક વાત છે?

**પ્રા.શાળા–ગાળા(ધ્રાંગધ્રા)**


**( સાભાર : ઓળખ )**

## <u>સંખ્યા</u>

**સંકલન : રીનાબેન કે. પટેલ**

| | |
|---|---|
| એક | – ૧ |
| દસ | – ૧૦ |
| સો | – ૧,૦૦ |
| હજાર | – ૧,૦૦૦ |
| દસ હજાર | – ૧૦,૦૦૦ |
| લાખ | – ૧,૦૦,૦૦૦ |
| દસ લાખ | – ૧૦,૦૦,૦૦૦ |
| કરોડ | – ૧,૦૦,૦૦,૦૦૦ |
| દસ કરોડ | – ૧૦,૦૦,૦૦,૦૦૦ |
| અબજ | – ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| દસ અબજ | – ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ખર્વ | – ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| નિખર્વ | – ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| પદ્મ્ | – ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| મહાપદ્મ્ | – ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| શંકુ | – ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| જલધિ | – ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| અલ્પ | – ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| મઈપ | – ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦.૦૦૦ |
| પરાર્ધ | – ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |

**પે.સે.શાળા–માલણિયાદ (હળવદ)**



## કોમ્પ્યુટર શીખવું છે ?

**ડી. કે. ગોસાઈ**

માર્ચના અંકમાં આપણે કોમ્પ્યુટરની અન્ય મેમરી વિશે માહિતી મેળવી હતી. હવે આપણે કોમ્પ્યુટરના ત્રીજા મહત્વના ભાગ આઉટપુટ ડિવાઈસ વિશે વિસ્તૃત જાણકારી મેળવીશું.

**આઉટ પુટ ડિવાઈસ (આઉટપુટ સાધન) :–**

આઉટપુટ ડિવાઈસમાં મુખ્યત્વે નીચે મુજબનાં સાધનનો સમાવેશ થાય છે.

૧. પ્રિન્ટર
૨. સ્પીકર
૩. પોર્ટસ્
૪. મોડેમ

દરેક સાધન વિશે વિસ્તૃત માહિતી નીચે મુજબ છે.

**૧. પ્રિન્ટર :–**

કોમ્પ્યુટરમાં રહેલી માહિતી કે પડદા પર દેખાતી માહિતીને કાગળ પર છાપવા માટે પ્રિન્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રિન્ટર નાનાં નાનાં બિંદુઓથી આકૃતિ રચે છે. અને તેને જુદી જુદી પદ્ધતિ થી કાગળ પર છાપે છે. તે મુજબ તેના પ્રકાર નીચે મુજબ છે.

**ડોટ મેટ્રીક્ષ પ્રિન્ટર :–**

- ડોટ મેટ્રીક્ષ પ્રિન્ટરમાં પ્રિન્ટ / છાપ નાનાં નાનાં બિંદુઓથી બને છે. આ પ્રિન્ટરની પ્રિન્ટ ગુણવત્તા બીજા પ્રિન્ટર કરતાં પ્રમાણમાં સારી હોતી નથી. તેમાં ટાઈપ રાઈટરની જેમ રીબીનનો ઉપયોગ થતો હોવાથી તેની પ્રિન્ટ પ્રમાણમાં ઘણી જ સસ્તી પડે છે.

**ઈન્કઝેટ પ્રિન્ટર :–**

આ પ્રિન્ટરમાં તેના નામ મુજબ પ્રિન્ટ ઈન્કનાં છંટકાવથી બને છે. આની પ્રિન્ટની ગુણવત્તા ડોટ મેટ્રીક્ષ કરતાં સારી હોય છે. પરંતુ તેમાં ઈન્કનો ઉપયોગ થતો હોવાથી તે પ્રમાણમાં ખર્ચાળ છે.

**લેઝર પ્રિન્ટર :–**

લેઝર પ્રિન્ટરમાં પ્રિન્ટ લેઝર બિંબથી પડે છે. આ પ્રિન્ટરની પ્રિન્ટ ગુણવત્તા ખૂબ જ સારી હોય છે. પરંતુ ખૂબ ખર્ચાળ પણ હોય છે.

(ક્રમશઃ)

## યોગમુદ્રા

**સંકલન : કાશ્મીરાબેન મહેતા**

કુંડલીનીના જાગસૂત્ર માટે આ મુદ્રા ઉપયોગી છે તેથી તેને યોગમુદ્રા કહે છે.

**કરવાની પધ્ધતિ :–**

- આસન પર પગ લાંબા કરી બેસો.
- પદ્માસન વાળો એટલે કે જમણો પગ ડાબા સાથળના પાસે અને ડાબો પગ જમણા સાથળના મૂળ પાસે ગોઠવો.
- બંને હાથ પીઠ પાછળ લો. જમણા હાથથી ડાબુ કાંડું પકડો. પકડ ઢીલી રાખો.
- ધીમેધીમે આગળ નમો, માથુ જમીન પર લગાડો.
- પૂર્ણાવસ્થા દરમ્યાન આ મુદ્રામાં શ્વાસોશ્વાસ સામાન્ય ગતિથી ચાલુ રાખવા.
- ધીમે ધીમે પાછા આવો, હાથ છોડી દો, પદ્માસન છોડી દો.

**ફાયદા :–**

- કુંડલીની જાગસૂત્રમાં ઉપયોગી છે.
- પેટના સ્નાયુઓ અને પેટના અવયવોને સ્વસ્થ અને કાર્યક્ષમ બનાવે છે.
- પેટ પર ચડેલી અનાવશ્યક ચરબીને ઘટાડે છે.
- કબજીયાત અને અજીર્ણમાં રાહતરૂપ છે.
- કરોડરજ્જુ અને જ્ઞાનતંત્રને કાર્યક્ષમ અને સ્વસ્થ રાખવામાં ઉપયોગી છે.

**ગ્રંથપાલ : ડાયેટ, સુરેન્દ્રનગર**

શિક્ષણ આપનારા શિક્ષકોને
બાળકો બનાવવાં છે, ને શિક્ષણ
પામતાં બાળકોને મોટાં બનાવવાં છે.
શિક્ષક જો બાળક નથી બની શકતો
તો તે શિક્ષણ આપી રહયો નથી, અને
બાળક જો મોટું બનતું નથી તો તે
શિક્ષણ પામી રહયું નથી, એવું માનવું
જોઈએ.

**– વિનોબા ભાવે**

# સંક્ષિપ્ત શબ્દો (Abbreviation)

સંકલન : બી. પી. પરમાર

**DPEP** : District Primary Education Programme
ડિસ્ટ્રીક્ટ પ્રાયમરી એજ્યુકેશન પ્રોગ્રામ (જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ)

**SPO** : State Project Office
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ

**SPD** : State Project Director
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર

**DPO** : District Project Office
ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ ઓફિસ

**DIET** : District Institute Of Education And Training
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન.

**Ed.CIL** : Educational Consultant India Ltd.
એજ્યુકેશનલ કન્સલટન્ટ ઈન્ડિયા લિમિટેડ

**BRC** : Block Resource Centtre
તાલુકા સંશાધન એકમ.

**CRC** : Culster Resource Cantre
જૂથ સંશાધન એકમ.

**VEC** : Village Education Committee
વિલેજ એજ્યુકેશન કમિટિ (ગ્રામ શિક્ષણ સમિતિ)

**MTA** : Mother Teacher Association
મધર ટીચર એસોસીયેશન (માતા–શિક્ષક સભા / મંડળ)

**PTA** : Parent Teacher Association
પેરેન્ટ ટીચર એસોસીયેશન (વાલી–હિતરક્ષક સભા/મંડળ)

**WB** : World Bank
વર્લ્ડ બેન્ક (વિશ્વ બેન્ક)

**IDA** : International Development Association
ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એસોસીએશન

**CW** : Civil Works
સિવિલ વર્ક્સ (બાંધકામ)

**BAS** : Base-line Assessment Study
બેઈઝ–લાઈન એસેસમેન્ટ સ્ટડી

**SAS** : Social Assessment Study
સોશિયલ એસેસમેન્ટ સ્ટડી

લેકચરર, ડાયેટ – સુરેન્દ્રનગર

## સંસ્થા સમાચાર

**એમ.બી.પરમાર** **જે.એમ.પટેલ**

- "ક્રિયાત્મ સંશોધન" ના નિવાસી તાલીમ વર્ગનું ડાયેટ પર આયોજન કરવામાં આવ્યું. ઉપરોકત તાલીમ વર્ગમાં જિલ્લાના પસંદ કરેલા શિક્ષકો ઉપસ્થિત રહયાં. આ તાલીમ વર્ગનું સંચાલન શ્રી મનોજભાઈ કોરડીયા તરફથી કરવામાં આવ્યું. (તા: ૨૦થી ૨૨ માર્ચ ૨૦૦૩)
- "અખિલ ભારતીય સાતમા શૈક્ષણિક સર્વે" નો તાલીમ વર્ગ જૈન દેરાસર, ડોળીયા(સાયલા) મુકામે યોજાઈ ગયો. ઉપરોકત તાલીમ વર્ગમાં ડાયેટ સંસ્થામાંથી બી.પી. પરમાર, જે. એમ. પટેલ, એમ. બી. પરમાર, સી. ટી. ટુંડીયા, અને પી. એમ. મહેતા ઉપસ્થિત રહયાં. (તા: ૨૧ અને ૨૨ માર્ચ ૨૦૦૩)
- જિલ્લામાં જાન્યુ.૨૦૦૧ માં પસંદગી થયેલ નવ–નિયુકત વિદ્યાસહાયકોને તાલીમ આપવા માટેના તાલીમ વર્ગ જિલ્લાના તમામ તાલુકા મથકે બે તબકકામાં યોજવામાં આવ્યાં. (તા: ૨૪થી ૨૬ અને ૨૭થી ૨૯ માર્ચ ૨૦૦૩)
- જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગર દ્વારા આયોજિત "Psycho Lab." નો નિવાસી તાલીમ વર્ગ ડાયેટ પર યોજવામાં આવ્યો. આ તાલીમ વર્ગમાં રાજયના તમામ ડાયેટમાંથી એક–એક વ્યાખ્યાતાશ્રીઓ ઉપસ્થિત રહયાં. આ તાલીમવર્ગમાં માન.શ્રી ડૉ. નલિન પંડિત સાહેબ (નિયામક, જી.સી.ઈ.આર.ટી) દ્વારા મુલાકાત લેવામાં આવી અને માર્ગદર્શન આપ્યું. આ તાલીમ વર્ગમાં તજજ્ઞીય સેવા આપવા માટે ડૉ. પ્રવીણભાઈ શાહ(બાપુ) તથા પ્રો. કે. ટી. શાહ ઉપસ્થિત રહયાં. આ તાલીમ વર્ગનું સંચાલન શ્રી મનોજભાઈ કોરડીયા દ્વારા કરવામાં આવ્યું. (તા: ૨૪ થી ૨૬ માર્ચ ૨૦૦૩)
- જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા આયોજિત "જી.બી.ટી.સી.અભ્યાસક્રમ સુધારણા"નો તાલીમ વર્ગ ડાયેટ પર યોજાયો. આ તાલીમ વર્ગમાં માન.શ્રી ડૉ. નલિન પંડિત સાહેબ વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું. (તા: ૨૪ થી ૨૬ માર્ચ ૨૦૦૩)
- જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર પ્રેરિત "સિધ્ધિ કસોટી સર્વેક્ષણ – ૨૦૦૩" નું આયોજન જિલ્લાના પાંચ તાલુકામાં (સાયલા, લખતર, ચુડા, મૂળી અને વઢવાણ) કરવામાં આવ્યું. પસંદ કરેલી શાળાઓ અને પસંદ કરેલા બાળકો (રેન્ડમ પ્રમાણે) ની ધોરણ ૩ થી ૭ ની પરીક્ષાઓ લેવામાં આવી. આ તમામ પરીક્ષાઓનું માર્ગદર્શન ડાયેટના વ્યાખ્યાતઓ દ્વારા તથા સંચલાન શ્રી મનોજભાઈ કોરડીયા દ્વારા કરવામાં આવ્યું. ( તા : ૩૦ થી ૧૦ માર્ચ/એપ્રિલ ૨૦૦૩)
- પી.ટી.સી.ના તાલીમાર્થીઓ ની વ્યાવસાયિક સજજતા માટે શ્રી એન. જે. મકવાણા સાહેબ(પ્રાચાર્ય–ડાયેટ) ના માર્ગદર્શન નીચે "વિચારગોષ્ઠિ" નું આયોજન કરવામાં આવ્યું. આ "વિચારગોષ્ઠિ" ના અધ્યક્ષસ્થાને ડૉ. મોતીભાઈ પટેલ (કાકા) તથા તેમના ધર્મપત્નિ શ્રીમતી રંજનબેન ઉપસ્થિત રહયાં. ડૉ. દિપકદાદા એ "તોત્તોચાન", "દિવાસ્વપ્ન" અને "ચકકા અને ચકકી" ની વાર્તાઓ કહીને રંગત જમાવી. આ "વિચારગોષ્ઠિ"માં અન્ય અધ્યાપન મંદિરના તાલીમાર્થી ભાઈ–બહેનો ઉપસ્થિત રહયાં. (તા: ૧ એપ્રિલ ૨૦૦૩)

O. I. G. S. Printed Matter Book-Post

પ્રતિ,
આચાર્યશ્રી,
______ પે. સેન્ટર / પ્રાથમિક શાળા,
તાલુકો : ______
જિ. સુરેન્દ્રનગર.

રવાના:
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સામે,
સુરેન્દ્રનગર
પીન : ૩૬૩ ૦૦૧